iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક – ૮૩ : જાન્યુઆરી–માર્ચ ૨૦૨૩

## તંત્રીસ્થાનેથી . . .

સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો

અમદાવાદ ચેપ્ટર
૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના

વડોદરા ચેપ્ટર
૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

સુરત ચેપ્ટર
૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદિપભાઈ અટોદરીયા

પ્રિય મિત્રો,

**નમસ્કાર !**

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે ૧૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ, આપણી સંસ્થા ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન એ ૨૧ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. કિડનીના ક્ષેત્રમાં રોકથામ માટે લોકજાગૃતિ લાવવાના હેતુથી સ્થાપિત કરેલ આ સ્વૈચ્છિક સંસ્થા ઉમદા સેવાકાર્યોની ૨૧મી વર્ષગાંઠની ઉજવણી સમગ્ર રાજ્યમાં પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારીને કરી રહી છે.

રાજ્યના છેવાડાના માનવી સુધી કિડની અને તેના સંબંધિત રોગો વિષેની માહિતી પહોંચાડવાના ધ્યેયને સતત વળગી રહી અગણિત લોકોમાં સંસ્થા દ્વારા આયોજિત થતાં કિડની જાગૃતિ કાર્યક્રમ અને નિદાન કેમ્પો થકી રોગને આગળ વધતો અટકાવવાનું કામ કર્યું છે જે સંસ્થા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે.

આપ સૌ જાણો છો કે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર એ સમગ્ર વિશ્વમાં "વિશ્વ કિડની દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. જેનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં લોકોને કિડની જેવા અમૂલ્ય અંગનું શરીરમાં મહત્વ સમજાવવાનો અને તેના રોગો પ્રત્યે જાગૃત અને સભાન બનાવવાનો છે.

International Federation of Kidney Foundation (IFKF) અને International Society of Nephrology (ISN) ના સંયુક્ત ઉપક્રમે આ દિવસની ઉજવણી અંગેનું આયોજન કરવામાં આવે છે અને દર વર્ષે એક નવી થીમ દ્વારા કિડનીના રોગો વિશેનો સંદેશ આપવામાં આવે છે. આ વર્ષની થીમ છે Kidney Health For All- Preparing For The Unexpected Supporting The Vulnerable.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૧ વર્ષથી વિશ્વ કિડની દિવસના આ હેતુને સાર્થક કરવા સતત પ્રયત્નશીલ રહી છે. આ દિવસે સંસ્થા દ્વારા અમારા દરેક ચેપ્ટરમાં ખાસ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન કુલ ૧૩૭ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૭૮ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર સ્થિત સંસ્થા દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ અંર્તગત ચલાવવામાં આવતા હિમોડાયાલિસીસ યુનિટને સંસ્થાના અમદાવાદ ખાતેની સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહના દીકરી શ્રીમતી સોનાલીબેન નરસિમ્હન દ્વારા બે હિમોડાયાલિસીસ મશીનનું દાન પ્રાપ્ત થયું છે જેથી હવે અમે વધારે જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને ગુણવત્તાસભર હિમોડાયાલિસીસની સારવાર આપવા માટે સક્ષમ બન્યા છીએ. હું શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માનું છું.

કિડનીના દર્દીઓના માનસિક લાભાર્થે ચલાવવામાં આવતા 'પ્રેરણા' કાર્યક્રમોનું આયોજન અમારા દરેક ચેપ્ટરમાં સમયાંતરે કરવામાં આવી રહ્યું છે અને મોટી સંખ્યામાં દર્દીઓ તેનો લાભ લઈ રહયા છે. એવી જ રીતે 'સેવ અ લાઈફ' કાર્યક્રમ થકી સારવાર અને દવાઓ માટે આ સમયગાળા દરમિયાન ૫૧ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને આર્થિક રીતે કુલ રૂ. ૧,૮૨,૭૪૩/–ની સહાય કરવામાં આવી હતી.

શુભેચ્છાઓ સહ

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

સંસ્થા દ્વારા મલ્ટી–મીડિયા પ્રોજેક્ટરની મદદથી વિવિધ સ્થળો જેવા કે સ્કૂલ, કૉલેજ, યુનિવર્સિટી, સોશિયલ કલબ, ગ્રામ પંચાયતો, ઔધોગિક વિસ્તાર, રહેણાંક સોસાયટીઓ, વિવિધ ટ્રેનિંગ સેન્ટરો વગેરે સ્થળોએ કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં કિડની અને તેના બચાવ વિષેની સંપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી સ્લાઇડ શો અને વિડીયો દ્વારા આપવામાં આવે છે.

## કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:




ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર




જે. જી નર્સિંગ કોલેજ, અમદાવાદ ખાતે અવેરનેસ પ્રોગ્રામ




ડિપાર્ટમેંટ ઓફ સાઇકોલૉજી, સૌરાષ્ટ્ર યુનીવર્સિટી, રાજકોટ




ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા, જી.–ગાંધીનગર




સોના પંપ્સ રીલાઇવ વોટર જી.આઇ.ડી.સી., ગામ– ઉબખલ, જી.– મહેસાણા




સ્કૂલ ઓફ સોશિયલ સાઇન્સ, ગુજરાત યુનીવર્સિટી, અમદાવાદ




રામનગર ગામ, જી– રાજકોટ



જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થાન, અમદાવાદ

## બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ

આ કેમ્પનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ હાયપરટેન્શન અને ડાયાબિટીસ જેવા બિનચેપી રોગોની શરીરના મહત્વના અંગો, ખાસ કરીને કિડની પર થતી ગંભીર અસરો અંગે જાગૃતિ લાવવાનો છે. અમારા કાર્યક્રમોની કાર્યક્ષમતા અને અસરકારકતા સુધારવા અમે સ્થાનિક સ્વયંસેવકોની પણ મદદ લઈએ છીએ.



દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ, સેક્ટર-૨૨, ગાંધીનગર



ધોળકા એજ્યુકેશન ટ્રસ્ટ, ધોળકા, જી.-અમદાવાદ




નેત્રંગ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જી.-ભરૂચ



નૈનપુર ગામ, તા.-મહેમદાવાદ, જી. -ખેડા



પોલીસ કમિશનર ઓફિસ, સુરત



શંકરપુરા ગામ, તા. જી. - મહેસાણા



સુરભી ગૌશાળા, નારી ગામ , જી.- ભાવનગર



સીટી સિવિલ એંડ સેશન્સ કોર્ટ, અમદાવાદ ખાતે અવેરનેસ પ્રોગ્રામ અને કેમ્પ

# વિશ્વ કિડની દિવસ

દર વર્ષે માર્ચ મહિનાનો બીજો ગુરુવાર સમગ્ર વિશ્વમાં 'વિશ્વ કિડની દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જેમાં આર્જેન્ટિનામાં જાહેર નિદાન કેમ્પથી લઈને મલેશિયામાં ઝુમ્બા મેરેથોન સુધી વિશ્વભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેનો હેતુ સમાજના લોકોને કિડનીના રોગો તેમજ કિડની રોગ સાથે કેવી રીતે જીવવું તે અંગે જાગૃત કરીને એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવાનો છે.

'વિશ્વ કિડની દિવસ' એ ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી (ISN) અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશન – વર્લ્ડ કિડની એલાયન્સ (IFKF - WKA) ની સંયુક્ત પહેલ છે.આ દિવસે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા પણ સંસ્થાના દરેક ચેપ્ટર ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેની ઝાંખી નીચે પ્રમાણે છે.

## અમદાવાદ

વિશ્વ કિડની દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદમા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લાયન્સ કલબ ઓફ શાહીબાગ અને જે. જી. નર્સીંગ કોલેજના સંયુક્ત ઉપક્રમે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા નીલકંઠ મહાદેવ મંદિર, ઘાટલોડિયા ખાતે નિઃશુલ્ક ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જે. જી. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કિડની દિવસ નિમિત્તે કિડનીનું શરીરમાં મહત્વ, તેની રચના અને કિડનીને લગતા વિવિધ પ્રકારના રોગો વિષે વિવિધ જાગૃતિ પોસ્ટર્સ બનાવવામાં આવ્યા હતા જેના દ્વારા દર્શનાર્થીઓને કિડની અંગે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. આ કેમ્પમાં ૧૮૦ થી પણ વધારે નાગરિકોએ પોતાનું ચેકઅપ કરાવ્યું હતું.



નીલકંઠ મહાદેવ મંદિર, ઘાટલોડિયા, અમદાવાદ ખાતે આયોજિત નિદાન કેમ્પ




જે. જી નર્સીંગ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા બનાવેલ કિડની જાગૃતિ પોસ્ટર્સ

## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ભાવનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સંયુક્ત રીતે વિશ્વ કિડની દિવસ ૨૦૨૩ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર ખાતે ૧૦મી માર્ચના રોજ કિડની જાગૃતિ પબ્લિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા ભાવનગરના જાણીતા નેફ્રોલોજિસ્ટ શ્રી ડો. હાર્દિક ક્યાડાએ કિડનીના રોગ અંગેના નિવારણ અને સારવાર વિશે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી. ત્યારબાદ બધા માટે કિડની તપાસ કેમ્પ (બ્લડ પ્રેશર–શુગર ચેકઅપ)નું આયોજન કરવામાં આવ્યું હતું.




દક્ષિનમૂર્તિ ના વિદ્યાર્થીઓ તથા નર્સીંગ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ડ્રોઇંગ કોમ્પિટિશન




શ્રોતાઓને માહિતગાર કરતાં ડો. હાર્દિક ક્યાડા(નેફ્રોલોજીસ્ટ)

## રાજકોટ

'વિશ્વ કિડની દિવસ' ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા શાપર કન્યા શાળા, ફીલ્ડ માર્શલ હાઈસ્કૂલ, રહેવર શાળા, વિજય શાળા અને કામદાર નર્સિંગ કોલેજ, રાજકોટ જેવી શૈક્ષણિક સંસ્થાઓ અને તેના સ્ટાફ મિત્રો માટે કિડની રોગ જાગૃતિ કાર્યક્રમ અને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અને કેમ્પમા કુલ ૮૮૦ લોકોએ ભાગ લીધો હતો.






કામદાર નર્સિંગ કોલેજ, રાજકોટ

## વડોદરા

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન વડોદરા અને જોયાલુક્કાસ જ્વેલરી શો–રૂમના સંયુક્ત ઉપક્રમે 'વિશ્વ કિડની દિવસ' ૨૦૨૩ ની ઉજવણીના ભાગરૂપે કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પોલીસ વિભાગની મહિલા કર્મચારીઓ, જ્વેલર્સ શોરૂમના કર્મચારીઓ તેમજ શોરૂમની મુલાકાત લેનારા ગ્રાહકોએ ભાગ લીધો હતો.





જોયાલુકકાસ જ્વેલરી શો–રૂમ, વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી અશેષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કામલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રમેશભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

## સુરત

વિશ્વ કિડની દિવસ નિમિત્તે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સુરત ચેપ્ટર દ્વારા ૧૫મી માર્ચ ૨૦૨૩ના રોજ સુરત પોલીસ કમિશનર ઓફીસ ખાતે સુરત સિટીઝન કાઉન્સિલ ટ્રસ્ટના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પ અને જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ કમિશનર શ્રી અજય કુમાર તોમર અને નાયબ પોલીસ કમિશનર શ્રીમતી સરોજ કુમારી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સુરત સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી શરદભાઈ કાપડિયા, શ્રી ભરતભાઈ શાહ અને શ્રીમતી જીજ્ઞાશા ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે ડો. શ્રી દીપક તમાકુવાલા (નેફ્રોલોજિસ્ટ)ને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ કિડની અને કિડનીના રોગો વિષે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનોએ ભાગ લીધો હતો.



જવાનોને સંબોધતા પોલીસ કમિશનર શ્રી અજય તોમર અને શ્રી શરદ કાપડીયા

## મહેસાણા

તારીખ ૯ માર્ચ ૨૦૨૩ 'વિશ્વ કિડની દિવસ' ના રોજ ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મહેસાણા ખાતે પ્રોફેસરો માટે કિડની જાગૃતિ સેમિનારનું તેમજ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહેસાણા શહેરના કિડનીના નિષ્ણાત ડો. નીલ પટેલ (નેફ્રોલોજિસ્ટ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રોજેક્ટરના માધ્યમથી મનુષ્યના શરીરમાં કિડનીની રચના, તેના રોગ અને તેની સાવચેતી વિષે વિસ્તૃત માહિતી આપી હતી.



ગુજરાત પાવર એન્જીનીયરિંગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ, મહેસાણા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ગીર-સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમાલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ અને. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

# જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમ

## વડોદરા

તા. ૦૨ એપ્રિલ ૨૦૨૩ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને પોલીસ ટ્રેઈનીંગ સ્કુલ, વડોદરા ના સંયુક્ત ઉપક્રમે કિડનીના રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંદર્ભે વડોદરા શહેરના પોલિસ ટ્રેઈનીંગ સ્કુલના તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શહેરના જાણીતા નેફ્રોલોજિસ્ટ ડૉ હર્ષલ જોશી દ્વારા ખૂબ જ સરળ ભાષામાં કિડની નિષ્ફળતાના પરિણામોથી બચવા માટેના ઉપાયો વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત કેડેવર અંગદાન વિષે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.



શ્રોતાઓને માહિતગાર કરતા ડો.હર્ષલ જોશી(નેફ્રોલોજીસ્ટ)



શ્રોતાગણ

## સુરત

સુરત ચેપ્ટર દ્વારા ૫મી માર્ચ ૨૦૨૩ ના રોજ દક્ષિણ ગુજરાત ITI ના સેવા નિવૃત સભ્યો માટે "કિડની જાગૃતિ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં નેફ્રોલોજિસ્ટ ડો. શ્રી દીપક તમાંકુવાલા એ કિડની અને કિડની રોગ વિશે વ્યાપક સમજ આપી હતી. આ કિડની જાગૃતિ કાર્યક્રમમાં ૩૦૦ ITI રીટાયર્ડ પ્રિન્સીપાલશ્રીઓએ લોકોએ ભાગ લીધો હતો.



રીટાયર્ડ પ્રિન્સીપાલ શ્રીઓને સંબોધતા ડો.દીપક તમાકુવાલા (નેફ્રોલોજીસ્ટ)

## ગાંધીનગર

લાયન્સ ઈન્ટરનેશનલના સહયોગથી ગાંધીનગર સ્થિત મગોડી ગામમાં એસઆરપીએફ ગ્રુપ ૧૨ની ઓફિસ ખાતે ડાયાબિટીસ, કિડની જાગૃતિ અને સાથે સાથે ડાયાબિટીસ અને બીપી ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખ્યાતનામ ડાયાબીટોલોજીસ્ટ ડો. વી.એન.શાહ અને નેફ્રોલોજીસ્ટ ડો. સુદીપ દેસાઈને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ડાયાબીટીસ અને કીડની તથા કીડનીના રોગથી બચવાના ઉપાયો વિશે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના અધ્યક્ષ શ્રી ત્રિલોકભાઈ પરીખ અને સંસ્થાની સલાહકાર સમિતિના સક્રિય સભ્ય શ્રી રશ્મીકાંતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.




શ્રોતાગણને સંબોધતા ડો. વી. એન. શાહ(ડાયાબીટોલોજીસ્ટ)



શ્રોતાગણને સંબોધતા ડો. સુદીપ દેસાઇ (નેફ્રોલોજીસ્ટ)

# ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે હિમોડાયાલિસીસ સેન્ટરમાં બે નવા જર્મન હિમોડાયાલિસીસ મશીનનું લોકાર્પણ વિધિ કાર્યક્રમ

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે જેનો ઉદ્દેશ્ય કિડની નિષ્ફળતાના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે અને ગુણવત્તાસભર દવાઓ અને સારવાર આપવાનો છે. આ ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૮માં ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલ, હિંમતનગર ખાતે આ કાર્યક્રમ અંતર્ગત હિમોડાયાલિસીસ યુનિટની સ્થાપના કરવામાં આવી અને હાલમાં સાબરકાંઠા જિલ્લાના કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓ આ સુવિધાનો લાભ લઈને પોતાની સારવાર લઈ રહ્યા છે અને હજુ પણ વધુમાં વધુ દર્દીઓને સારવાર મળી રહે તે હેતુથી સંસ્થાના અમદાવાદ ખાતેની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહના સુપુત્રી શ્રીમતી સોનાલીબેન નરસિમ્હન અને લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ દ્વારા બે હિમોડાયાલિસીસ મશીનોનું દાન આપવામાં આવ્યું. જેથી હવે સંસ્થાનું ડાયાલીસીસ સેન્ટર જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને ગુણવત્તાસભર હિમોડાયાલિસીસની સારવાર આપવા માટે વધુ સક્ષમ બન્યું છે. આ માટે શ્રી રશ્મિકાંતભાઈ શાહ, શ્રીમતી સોનાલીબેન નરસિમ્હન અને લાયન્સ ક્લબ ઓફ શાહીબાગનો સંસ્થા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.





હિમોડાયાલિસીસ મશીન ના ઉદ્દઘાટન સમારોહમાં સંસ્થાના ચેરમેન શ્રી ત્રિલોકભાઈ આર. પરીખ , લાયન્સ ક્લબ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-બી૧ ના ગવર્નર શ્રી રસિકભાઈ પટેલ, સંસ્થાની સ્થાનિક સલાહકાર સમીતિના સક્રિય સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કુમુદબેન શાહ અને આ મશીનના દાતા શ્રીમતી સોનાલીબેન તેમજ તેમનો પરિવાર અને ક્રિષ્ના સાર્વજનિક હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ આ ખાસ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.







**“પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન”**

## અમદાવાદ

તારીખ ૨૫ માર્ચ ૨૦૨૩ ના રોજ સદવિચાર પરિવાર અમદાવાદ ખાતે પ્રેરણા મિત્રો માટે પ્રેરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય કામદાર શિક્ષણ બોર્ડ, શ્રમ અને રોજગાર મંત્રાલય, ભારત સરકારના શિક્ષણ અધિકારી શ્રી ધીરિશભાઈ પાઠકને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓએ પ્રેરણા સભ્યોને સકારાત્મક અભિગમ તેમજ મેડિટેશનના મહત્વ વિષે વિસ્તૃત સમજ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રશ્મિકાંતભાઈ શાહ અને તેમના પત્ની શ્રીમતી કુમુદબેન આર. શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને દરેક પ્રેરણા સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયક રહ્યો હતો. કાર્યક્રમના અંતે અલ્પાહાર માટેની સુવિધા શ્રી રશ્મિકાંતભાઈ દ્વારા કરવામાં આવી હતી તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.





## ભાવનગર

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર ચેપ્ટર દ્વારા તારીખ ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ રેડક્રોસ સોસાયટી ભાવનગરના સહયોગથી ૪૨ કિડનીના દર્દીઓને અનાજની કિટ અને બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.





## વડોદરા

વડોદરા ચેપ્ટર દ્વારા પ્રેરણા મિત્રો માટે તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ નિઃશુલ્ક એકદિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ માટે નર્મદા નદીના કિનારે આવેલ પવિત્ર પરમહિતધામ આધ્યાત્મિક સંકુલ, ચાણોદ સ્થળને પસંદ કરવામાં આવ્યું હતું. આ પ્રવાસીય સ્થળ ખાતે પ્રેરણા મિત્રોએ આધ્યાત્મિકતાની સાથે સાથે મનોરંજન પણ કર્યું હતું. પ્રવાસનો સમય સવારના ૮ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો જેમાં સંસ્થા દ્વારા પ્રેરણા મિત્રોને ભોજન તેમજ અલ્પાહારની સુવિધા આપવામાં આવી હતી.



## સુરત

તારીખ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સુરત ચેપ્ટર દ્વારા ચેમ્બર ઓફ કોમર્સ–સમૃદ્ધિ ખાતે ગીત–સંગીતના કાર્યક્રમનું આયોજન પ્રેરણા સભ્યો માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત શહેરના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી પ્રદીપ કલકત્તાવાલા ખાસ ઉપસ્થિત રહીને સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિષે પ્રેરણા સભ્યોને માહિતગાર કર્યા હતા અને તેમનું મનોબળ વધાર્યું હતું. આ ગીત– સંગીત કાર્યક્રમ પ્રેરણા વૉલયન્ટિયર શ્રી જવલંતભાઈ નાયક અને તેમની ટીમના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં તેમની ટીમ દ્વારા અલગ અલગ ગીતોની રમઝટ સાથે દરેક સભ્યોનું મનોરંજન કરાવ્યું હતું. ૭૨ પ્રેરણામિત્રોએ તેમના કુટુંબના સભ્યો સાથે આ પ્રેરણા કાર્યક્રમની મજા માણી હતી. કાર્યક્રમના અંતે ભોજનનું આયોજન શ્રી આશાપુરા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.




Save a life
Sponsoring Renal Treatment

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૨ થી કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર માટે આર્થિક સહયોગ કરે છે.**

આ ત્રિમાસિક સમયમાં ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ ઘણા બધા કિડનીના દર્દીઓને આ સહાય પૂરી પાડવામાં આવી. જેમાં હિમોડાયાલિસીસ લેતા ૨૨ દર્દીઓને દર મહિને ડાયાલાઇઝર અને ટ્યુબિંગ આપવામાં આવી. ૨ દર્દીઓને AV ફિસ્ટુલા સર્જરીનો ખર્ચ આપવામાં આવ્યો તેમજ ૫૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ડાયાલિસીસ લેતા દર્દીઓને દર મહિને દવાઓ માટે કુલ રૂ.૧,૮૨,૭૪૩/–ની મદદ કરવામાં આવી હતી.

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ

## ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા "વિશ્વ કિડની દિવસની" ઉજવણી કરવામાં આવશે

સૌરાષ્ટ્ર પ્રતિબિંબ ભાવનગર તા.૬

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા સમાજમાં કિડની અને તેના રોગો પ્રત્યે અને અંગદાન જાગૃતિ માટે છેલ્લા ૨૨ વર્ષથી ભાવનગર સહિત ગુજરાતમાં કાર્ય કરી રહ્યુ છે. સમાજમાં કિડનીના રોગો દિવસેને દિવસે ખુબજ વધિ રહ્યા છે અને કિડનીના દર્દીઓમાં હાલ નાની ઉંમર વાળા વ્યકતિઓ આ કિડનીના રોગના ભોગ બની રહ્યા છે તેથી આવા રોગો સમાજમા ન થાય અને કિડનીના રોગોથી બચી શકે તે હેતુ થી ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ગુજરાત ભરમાં કિડની જાગૃતિ તથા કિડનીને લગતા ટેસ્ટ તથા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરની તપાસ વિના મુલ્યે કરી લોકોમાં કિડની વિશે જાગૃતિ લાવવાના પ્રયાશો કરવામાં આવે છે.ઉલ્લેખનિય છે કે શ્રી ત્રિલોકભાઈ પરીખ ના નેત્રુત્વ હેઠળ અને શ્રી જ્યેશભાઈ પટેલ ના માર્ગદશન દ્વારા સંસ્થા કાર્ય કરી રહી છે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન ભાવનગર દ્વારા માર્ચ મહિના નો બીજો ગુરુવાર "વિશ્વ કિડની દિવસ" ઉજવવામાં આવે છે તે અનુસંધાને ભાવનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે જે અંતર્ગત રેડક્રોસ સોસાયટી ના સહયોગથી ભાવનગર ની જાહેર જનતા માટે ભાવનગર ડો.વિક્રમ (M.D. Blood Transfusion)તથા ★ડો.હાર્દિક ક્યાડા (M.D. Medicine) દ્વારા કિડની ના રોગો અને કિડની જાળવણી તથા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ની કિડની ઉપર ગંભીર અશરો અને તેના રોગો થી બચાવા માટેના ઉપાયો સરળ ભાષા માં સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે તારીખ ૯/૦૩/૨૦૨૩ ને ગુરુવારના રોજ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દિવાનપરા રોડ ભાવનગર ખાતે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સૌપ્રથમ ૧૦૦ વ્યક્તિઓ ના કિડનીના રોગ માટે ની લેબોરેટરી તપાસ વિના-મુલ્યે કરી આપવામાં આવશે આ સેમિનરમાં ઉપસ્થિત રહેવા ભાવનગર ની જાહેર જનતાને અનુરોધ છે. સ્થળ:- ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દિવાનપરા રોડ ભાવનગર, તારીખ:- ૯/૩/૨૦૨૩, સમય:- સાંજે ૪:૦૦ કલાકે, વધુ વિગત:- રોહિત ભંડેરી ૮૫૧૧૧૧૪૨૫૭,

## આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

### મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ (બે હિમોડાયાલિસીસ મશીનનું દાન) | રૂ. ૧૩,૦૦,૦૦૦/– |
| શ્રીમતી સુધાબેન ત્રિલોકભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૫,૦૦,૦૦૦/– |
| શ્રી રામભાઇ નાથભાઈ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ | રૂ. ૫૦,૦૦૦/– |
| શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |
| ફ્યુઅલ ફર્નેસીસ મેન્યુફેક્ચર્સ લિમિટેડ, વડોદરા | રૂ. ૨૧,૦૦૧/– |
| શ્રી સુભાષભાઈ ચીમનભાઈ નાણાવટી, સુરત | રૂ. ૧૦,૦૦૦/– |
| શ્રી સુનિલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૩,૦૦૦/– |

Save a life
Sponsoring Renal Treatment

### કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી પ્રમોદભાઈ પંચોલી | રૂ. ૧૦,૦૦૦/– |

### ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
B-૨૦૪, શપથ – ૪, કર્ણાવતી ક્લબની સામે, સરખેજ– ગાંધીનગર હાઈવે, અમદાવાદ– ૩૮૦૦૫૧, ફો, ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨• સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧• રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫• મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬• ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭• ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮• હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org
Infindia3080 Irfindia Indiarenalfoundation3521